Thursday
15.10.2026
*Volume :11 * Issue No.103
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત વંદે માતરમ્

# કમલમ્

KAMALAM ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક Daily

RNI No.:GUJGUJ/2016/73451

HAPPY Navratri

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-



# નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે 'સિંગલ ક્લિક'થી ૧૪,૮૫૩ ઉદ્યોગ સાહસિકોને ૧,૧૦૦ કરોડના ઈન્સેન્ટિવનું વિતરણ

## MSME ઉદ્યોગો માટે ઇન્સેન્ટિવ મેળવવા બેંક લોન લેવાની ફરજિયાત શરત નાબૂદ; પોતાની મૂડી ધરાવતા સાહસિકોને પણ લાભ મળશે: નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી

### નવી ઉદ્યોગ નીતિ હેઠળ મોટા ઉદ્યોગોની ૩૪૬થી વધુ અરજીઓ આવી



### ઇન્સેન્ટિવ પ્રક્રિયામાં ૧૬ જેટલી કાગળીય પ્રક્રિયાઓ ઘટાડીને વહીવટ વધુ ઝડપી અને પારદર્શક બનાવ્યો

કમલમ્,

રાજ્ય સરકાર દ્વારા ઉદ્યોગોના સર્વાંગી વિકાસ અને 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ'ને નવી ઊંચાઈએ લઈ જવા માટે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે 'વન-ક્લિક ઈન્સેન્ટિવ ડિસ્ટ્રિબ્યુશન' કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં શ્રી હર્ષ સંઘવી દ્વારા સિંગલ ક્લિકના માધ્યમથી રાજ્યના ૧૪,૮૫૩ ઉદ્યોગોના બેંક ખાતામાં સીધા ૧,૧૦૦.૧૯ કરોડના ઈન્સેન્ટિવની સહાય જમા કરવામાં આવી હતી. આ પ્રસંગે સંબોધન કરતાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ગુજરાતની વિકાસ યાત્રાને દેશમાં અગ્રેસર રાખવામાં રાજ્યના ઉદ્યોગકારો અને વેપારીઓનું યોગદાન અનન્ય રહ્યું છે. આજે વિતરિત થયેલા ૧,૧૦૦.૧૯ કરોડના ઈન્સેન્ટિવમાંથી ૧૧,૦૫૨ જેટલા લાભાર્થીઓ નાના અને મધ્યમ કદના (MSME) ઉદ્યોગો છે. 'સિંગલ ક્લિક પેમેન્ટ કાર્યક્રમ' અંતર્ગત MSMEની વિવિધ પ્રોત્સાહક યોજનાઓ હેઠળ ૧૧,૦૫૨ લાભાર્થીઓને રૂ. ૪૪૪.૦૩ કરોડ, ટેક્સટાઈલ યોજનાઓ હેઠળ ૩,૫૯૧ લાભાર્થીઓને રૂ. ૨૯૦.૪૨ કરોડની ચુકવણી કરવામાં આવી છે. આ ઉપરાંત લાર્જ ઈન્ડસ્ટ્રી ક્ષેત્રના ૧૯૬ લાભાર્થીઓને રૂ. ૩૬૦.૮૯ કરોડ તથા અન્ય યોજનાઓ હેઠળ ૧૪ લાભાર્થીઓને રૂ. ૪.૮૫ કરોડની નાણાકીય સહાય ચૂકવવામાં આવી છે. શ્રી સંઘવીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર ઉદ્યોગકારોની સાથે ખભે-ખભા મિલાવીને પારદર્શક વ્યવસ્થા ઊભી કરવા કટિબદ્ધ છે. નવી પોલિસી હેઠળ અગાઉ ઈન્સેન્ટિવ મેળવવા માટે બેંક લોન લેવી ફરજિયાત હતી તે નિયમ નાબૂદ કરવામાં આવ્યો છે, જેથી પોતાની મૂડીથી વ્યવસાય શરૂ કરનારા સાહસિકો પણ સીધો લાભ મેળવી શકશે. આ ઉપરાંત, વહીવટી પ્રક્રિયા વધુ ઝડપી બને તે માટે ૧૬ જેટલા કાગળો/દસ્તાવેજો ઘટાડવામાં આવ્યા છે અને છેલ્લા છ મહિનામાં ફાઈલોના નિકાલની ઝડપ ત્રણ ગણી વધી છે. તેમણે ઉમેર્યું કે, કોઈપણ પ્રકારની ભલામણ કે લાગવગ વગર સંપૂર્ણ પારદર્શિતા જળવાય તે હેતુથી GIDC દ્વારા ઓનલાઈન લકી ડ્રો મારફતે MSME એકમો માટે ૮૫ એકર જમીનમાં ફેલાયેલા ૪૦૭ પ્લોટ્સની ફાળવણી સફળતાપૂર્વક કરવામાં આવી છે. નવી નીતિના પરિણામે લાર્જ ઈન્ડસ્ટ્રીઝ સેક્ટરમાં ૩૪૬થી વધુ નવી અરજીઓ આવી છે, જેમાં ૨૭ અરજીઓ એવી કંપનીઓની છે જે અન્ય રાજ્યોમાંથી ગુજરાતમાં પરત ફરી છે. ઉલ્લેખનીય છે કે, આજે નાયબ મુખ્યમંત્રીશ્રીના હસ્તે શેખપાટ, ખીરસરા-૨ અને સાણંદ-૨ ખાતે ૩,૦૦૦ ચો.મી.થી ઓછા વિસ્તારના ૪૦૭ એમ.એસ.એમ.ઈ. માટે ૪,૬૬૫ અરજીઓનો ઓનલાઈન ડ્રો કરી પ્લોટની ફાળવણી કરવામાં આવી છે. શ્રી સંઘવીએ વધુમાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર પ્રથમ પેઢીના યુવા સાહસિકો અને મહિલા સ્ટાર્ટઅપ્સને વિશેષ પ્રોત્સાહન આપી રહી છે. ખાસ કરીને આદિવાસી વિસ્તારોમાં મહિલાઓને વધુમાં વધુ રોજગારી મળી રહે તેવા ઉદ્યોગોને વેગ અપાશે. 'સ્માર્ટ GIDC'ની વિભાવના અંગે વાત કરતાં તેમણે સ્પષ્ટ કર્યું કે, તમામ ઔદ્યોગિક વસાહતોમાં સ્વચ્છતા અને શ્રમિકો માટે પ્રાથમિક સુવિધાઓ ટોચની અગ્રતા હોવી જોઈએ. હવેથી GIDCમાં માત્ર રોડ બનાવવા માટે નહીં, પરંતુ ડ્રેનેજ, સ્ટ્રીટ લાઈટ અને સર્વિસ લાઈનના સંયુક્ત આયોજન સાથે જ મંજૂરી અપાશે. આગામી સમયમાં નવી ટેકનોલોજી અને વૈશ્વિક પાર્ટનર્સ લાવવા માટે રાજ્ય સરકારની ટીમ જાપાન અને કોરિયાની મુલાકાત લેશે તેમ પણ તેમણે જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં વિવિધ ઉદ્યોગસાહસિકો દ્વારા સરકાર તરફથી મળી રહેલા કોન્સ્ટન્ટ સપોર્ટ અને ઈન્સેન્ટિવ પ્રક્રિયાનું સરળીકરણ તથા નવી ઉદ્યોગ પોલિસીથી મળી રહેલા લાભો સંદર્ભે પોતાના પ્રતિભાવો આપ્યા હતા. આ કાર્યક્રમમાં ઉદ્યોગ વિભાગના વરિષ્ઠ અધિકારીશ્રીઓ, ચેમ્બર ઓફ કોમર્સના હોદ્દેદારો તેમજ મોટી સંખ્યામાં ઉદ્યોગ સાહસિકો ઉપસ્થિત રહ્યા હતા.

**અન્ય રાજ્યોમાંથી ૨૭ જેટલા ઉદ્યોગો ગુજરાત પરત ફર્યા**

**ઓનલાઇન લકી ડ્રો મારફતે GIDCમાં ૮૫ એકર જમીનમાં ૪૦૭ ઔદ્યોગિક પ્લોટ્સની સંપૂર્ણ પારદર્શિતા સાથે ફાળવણી**

**રાજ્યના યુવા ઉદ્યોગસાહસિકો અને મહિલા સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપી તમામ ક્ષેત્રોમાં રોજગારી વધારવા પર ભાર**



કમલમ્,

- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ આઈ.એ.એસ. વાઈવ્સ વેલફેર એસોશિએશન દ્વારા ગાંધીનગરમાં યોજાયેલ નવરાત્રી ગરબા ઉત્સવમાં ઉપસ્થિત રહ્યા હતા અને માં આધશક્તિની આરતી આરાધના કરી હતી
- આધશક્તિની આરાધનાના નવરાત્રી પર્વમાં દર વર્ષેની જેમ આ વર્ષે પણ આઈ.એ.એસ. વાઈવ્સ વેલફેર એસોશિએશન દ્વારા ગરબા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું
- મુખ્ય સચિવ શ્રી એમ.કે. દાસ અને આઈ.એ.એસ. વાઈવ્સ વેલફેર એસોશિએશનના પ્રમુખ શ્રી સી.વી. સોમ અને શ્રીમતી ચંન્દ્રાણી સોમ, વરિષ્ઠ સચિવશ્રીઓ તેમજ એસોશિએશનના અન્ય પદાધિકારીઓએ મુખ્યમંત્રીશ્રીનો આ ગરબા ઉત્સવમાં ભાવ ભર્યો સત્કાર કર્યો હતો
- રાજ્ય સરકારના વરિષ્ઠ સચિવશ્રીઓ, પોલીસ મહાનિર્દેશક શ્રી જી.એસ. મલિક, હેડ ઓફ ધી ફોરેસ્ટ ફોર્સ ડો. જયપાલ સિંઘ અને રાજ્ય સરકારમાં સેવારત તથા નિવૃત્ત સનદી અધિકારીઓ અને તેમના પરિવારજનો આ ગરબા ઉત્સવમાં સહભાગી થયા હતા

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સક્ષમ નેતૃત્વમાં ગુજરાતનો રાષ્ટ્રીય ફલક પર દબદબો: પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) હેઠળ રાજ્યને ફાળે આવ્યા દેશમાં સૌથી વધુ ૩ રાષ્ટ્રીય પુરસ્કારો



કમલમ્,

પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)ની અસરકારક અમલવારીમાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર રહ્યું છે. શહેરી આવાસ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી, સુઆયોજિત શહેરી વિકાસ અને લાખો પરિવારોને પાકાં ઘર પૂરાં પાડવા બદલ ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા ગુજરાતને વિવિધ શ્રેણીમાં ૩ રાષ્ટ્રીય પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યું છે. તાજેતરમાં જ નવી દિલ્હી ખાતે આયોજિત વિશેષ સમારોહમાં કેન્દ્રીય શહેરી બાબતોના રાજ્યમંત્રી શ્રી તોખન સાહુના વરદહસ્તે ગુજરાત વતી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સચિવ શ્રી રેમ્યા મોહને આ રાષ્ટ્રીય સન્માન સ્વીકાર્યું હતું. ગુજરાતને પ્રથમ પુરસ્કાર 'સ્ટેટ વીથ હાઈએસ્ટ નંબર ઓફ રીફોર્મ્સ અચિવ PMAY (U) 2.0' શ્રેણીમાં મળ્યો છે. સામાન્ય નાગરિકોને પોષાય તેવા આવાસની સુવિધા ઝડપી અને પારદર્શી બનાવવા માટે ભારત સરકારના શહેરી બાબતોના મંત્રાલય દ્વારા જમીન, શહેરી આયોજન, નિયમનકારી પ્રક્રિયા, ડિજિટલ ટેકનોલોજી અને નાણાકીય વ્યવસ્થાઓ જેવા વિવિધ ક્ષેત્રોમાં ૧૪ જેટલા રિફોર્મ્સ સૂચવવામાં આવ્યા હતા. ગુજરાતે દેશનાં અન્ય તમામ રાજ્યોની સરખામણીએ સૌથી વધુ રિફોર્મ્સ સફળતાપૂર્વક અમલમાં મૂકી આ સિદ્ધિ મેળવી છે. બીજો પુરસ્કાર 'સ્ટેટ વીથ હાઈએસ્ટ કમ્પ્લીશન ઓફ BLC હાઉસીસ PMAY (U) – બેસ્ટ પરફોર્મિંગ સ્ટેટ' શ્રેણીમાં પ્રાપ્ત થયો છે. પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)ના ચાર ઘટકો પૈકીના એક બેનિફિશિયરી લેડ કન્સ્ટ્રક્શન (BLC) ઘટક હેઠળ મંજૂર થયેલાં આવાસોમાંથી ગુજરાતે દેશમાં સૌથી વધુ ૯૬ ટકા આવાસોના કામ પૂર્ણ કર્યા છે. દેશમાં મહત્તમ આવાસો પૂર્ણ કરવાની આ ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ રાજ્યને આ પુરસ્કાર મળ્યો છે. આ ઉપરાંત, ત્રીજો પુરસ્કાર 'બેસ્ટ પ્રેક્ટિસ ઈન ટાઉન પ્લાનિંગ સ્કીમ (TPS) પ્રોસિઝર' શ્રેણીમાં મળ્યો છે. રાજ્યમાં ''ગુજરાત ટાઉન પ્લાનિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ, ૧૯૭૬'' હેઠળ અસરકારક TPS વ્યવસ્થા અમલી છે. આ સિસ્ટમ હેઠળ રહેણાંક ઝોન તથા ૧૦ ટકા SEWS પ્લોટ્સ પરવડે તેવા આવાસ માટે અનામત રાખવામાં આવે છે. તેનાથી શહેરોમાં મોટા પાયે એફોર્ડેબલ હાઉસિંગ માટે જમીન ઉપલબ્ધ થઈ છે. આ શ્રેષ્ઠ પ્રથાની નોંધ લઈને ગુજરાતને આ શ્રેણીમાં પણ સન્માનિત કરવામાં આવ્યું છે. આ ગૌરવપૂર્ણ સિદ્ધિ અંગે હર્ષ વ્યક્ત કરતાં શહેરી વિકાસ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત શહેરી વિકાસ અને ગરીબ કલ્યાણના ક્ષેત્રે નવોદિત કીર્તિમાન સ્થાપિત કરી રહ્યું છે. ભારત સરકાર દ્વારા મળેલા આ ૩ રાષ્ટ્રીય પુરસ્કારો રાજ્યની ટીમ વર્ક અને સુશાસનની નીતિની સફળતાની પ્રતીતિ કરાવે છે.'' 'PMAY-U' અંતર્ગત ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ ૧૧.૧૪ લાખ આવાસો મંજૂર કરાયા છે, જેમાંથી ૯.૩૦ લાખથી વધુ આવાસોનું નિર્માણ કાર્ય પૂર્ણ કરી દેવાયું છે. વર્ષ ૨૦૨૫-૨૬થી અમલી બનેલી 'PMAY-U 2.0' અંતર્ગત અત્યાર સુધીમાં ૧.૫૦ લાખથી વધુ નવા આવાસો મંજૂર કરી રાજ્યના શહેરોના લાભાર્થીઓને સાંકળી લેવામાં આવ્યા છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. યોજનાની સફળ અમલવારી અંગે અભિનંદન પાઠવતાં શહેરી વિકાસ રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલાએ જણાવ્યું હતું કે, ગુજરાતને વર્ષ ૨૦૧૫-૧૬ થી ૨૦૨૬ સુધીમાં શહેરી આવાસ ક્ષેત્રે ૧૪ રાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત થયા હતા. હવે નવા ૩ પુરસ્કારો ઉમેરાતાં રાજ્યની સિદ્ધિઓમાં કુલ ૧૭ રાષ્ટ્રીય એવોર્ડનો ગૌરવપૂર્ણ સમન્વય થયો છે. આ પુરસ્કારો જ ગુજરાતની ત્વરિત અને પારદર્શી કાર્યશૈલીનું ઉત્તમ ઉદાહરણ છે. શહેરી વિસ્તારોમાં રહેતા જરૂરિયાતમંદ અને નબળા વર્ગના પરિવારોને માત્ર પાકું મકાન જ નહીં, પરંતુ તમામ પ્રાથમિક સુવિધાઓ સાથેનું સન્માનજનક જીવન પૂરું પાડવું એ રાજ્ય સરકારની પ્રાથમિકતા રહી છે. આ રાષ્ટ્રીય પુરસ્કારો ગુજરાતની ઉત્કૃષ્ટ આયોજનશક્તિ, પારદર્શી અમલીકરણ અને છેવાડાના માનવી સુધી સુશાસનના ફળ પહોંચાડવાની મજબૂત સંકલ્પશક્તિનો પ્રત્યક્ષ પુરાવો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સક્ષમ નેતૃત્વ હેઠળ ગુજરાતે 'હાઉસિંગ ફોર ઓલ' અને 'સર્વસમાવેશક શહેરી વિકાસ'ની દિશામાં સમગ્ર દેશ માટે ફરી એકવાર પથદર્શક બનીને નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે.

# નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં અમદાવાદ ખાતે ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત સમારોહ યોજાયો



## ૧૫૮ શરણાર્થીઓને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી સહિત મહાનુભાવોના હસ્તે ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત





## ૧૫૮ પીડિત પરિવારો માટે નવરાત્રિના પવિત્ર પર્વે જ દિવાળીનો ઉજાસ ફેલાયો: નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી

કમલમ્,

અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યોજાયેલ 'ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત સમારોહ'માં CAA અંતર્ગત ૧૨૬ અને કલેક્ટર કચેરી મારફતે નોંધાયેલા ૩૨ મળીને કુલ ૧૫૮ શરણાર્થીઓને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી અને અન્ય મહાનુભાવોના હસ્તે ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ નાગરિકતા પ્રમાણપત્ર એનાયત સમારોહમાં ૧૫૮ શરણાર્થી પરિવારોને ભારતીય નાગરિકતા આપતાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, દિવાળીને હજુ ૨૦ દિવસની વાર છે, પરંતુ ભારતની નાગરિકતા મેળવીને આજે આ ૧૫૮ પરિવારોમાં અત્યારથી જ દિવાળી જેવો ઉત્સવનો માહોલ સર્જાયો છે. પાકિસ્તાનમાં ધાર્મિક ઉત્પીડન અને યાતનાઓ સહન કરીને આવેલા હિન્દુ, શીખ, બૌદ્ધ, જૈન અને પારસી પરિવારોને આ ભય અને પીડામાંથી મુક્તિ અપાવીને દેશમાં નવું જીવન આપવા બદલ તેમણે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહનો આભાર માન્યો હતો. નાયબ મુખ્યમંત્રીશ્રીએ નાગરિકતા સુધારા કાયદા (CAA) ના મહત્વ પર ભાર મૂકતાં જણાવ્યું હતું કે, રાજકીય સ્વાર્થ માટે સીએએનો વિરોધ કરનારા લોકો આ પિડિત પરિવારોની દર્દનાક યાતનાઓને ક્યારેય સમજી શકે નહીં. તેમણે ભારતીય પાસપોર્ટનું સન્માન અને ગૌરવ રેખાંકિત કરતાં કહ્યું કે, "આપણા દેશ અને રાજ્યમાં કોઈ તકલીફમાં હોય ત્યારે મદદ કરવાની ઉદાત્ત ભાવના રહેલી છે. શરણાર્થીઓના બાળકોનું ભવિષ્ય ઉજ્જવળ બને તે માટે આપણા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ સીએએ લાવ્યા છે, જેનાથી આજે હજારો પરિવારો પોતાના વતનમાં ગૌરવપૂર્ણ જીવન જીવી રહ્યા છે." વક્તવ્ય દરમિયાન નાયબ મુખ્યમંત્રીશ્રીએ પાકિસ્તાનથી આવેલા નિર્મલાજી, કુંવરબેન અને નંદલાલજી જેવા પરિવારોની આપવીતી યાદ કરી હતી. તેમણે ખાસ કરીને દીકરી ધારા સિંધુનો ઉલ્લેખ કર્યો હતો, જેણે શારીરિક પડકારો છતાં સ્પોર્ટ્સ (ટેબલ ટેનિસ/ફ્લોર ગેમ્સ) માં ડિસ્ટ્રિક્ટ, સ્ટેટ અને નેશનલ કક્ષાએ મેડલ મેળવીને ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ભારતીય નાગરિકતા મળ્યા બાદ હવે આ પરિવારોમાંથી આવનારી પેઢીઓ ડોક્ટર, એન્જિનિયર અને ખેલાડી બનીને દેશ તથા રાજ્યની સેવામાં પોતાનું અમૂલ્ય યોગદાન આપશે. શહેરી વિકાસ રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં લાવવામાં આવેલા 'CAA' (નાગરિકતા સુધારા કાયદા) તેમજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના સઘન પ્રયાસોથી પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનથી આવેલા પીડિત ભાઈ-બહેનોને આજે નાગરિકતા અને પોતાના મૂળ હકો પ્રાપ્ત થઈ રહ્યા છે. તેમણે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કોર્પોરેટર અને મહિલા બાળ વિભાગના ચેરમેન ડિમ્પલબેનનું પ્રેરણાદાયી ઉદાહરણ આપતાં ઉમેર્યું હતું કે આજે આ લોકો નાગરિક બનવાની સાથે સમાજમાં મોભાદાર સ્થાન મેળવી દેશના વિકાસમાં ભાગીદાર બની રહ્યા છે. તેમણે વિશ્વભરમાં ભારતીય નાગરિક હોવું એ ગૌરવ અને સન્માનની વાત ગણાવી, નાગરિકતા મેળવનાર સૌ લોકોને અભિનંદન પાઠવ્યા હતા અને અધિકારની સાથે દેશની પ્રગતિ તથા સુખાકારીમાં પોતાની ફરજ નિભાવી સહભાગી થવા આહવાન કર્યું હતું. ધારાસભ્ય શ્રી ડો. પાયલ કુકરાણીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહ તેમજ રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ હેઠળ નાગરિકતા સુધારા કાયદા (CAA) થકી પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશથી આવેલા લઘુમતી પરિવારોની વર્ષો જૂની વેદનાઓ અને મુશ્કેલીઓનો અંત આવ્યો છે. તેમણે જણાવ્યું કે ધાર્મિક અત્યાચારો સહન કરીને અહીં આવી વસેલા ૧૫૮ જેટલા ભાઈ-બહેનોને આજે સન્માનપૂર્વક નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા છે. તેમણે આ પ્રસંગે તમામ લાભાર્થીઓને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા અને બંધારણીય અધિકારોની સાથે દેશની એકતા, અખંડિતતા જાળવીને 'વિકસિત ભારત'ના સંકલ્પમાં સક્રિય ભાગીદાર બનવા આહવાન કર્યું હતું. ભારતીય નાગરિકતા સમારોહ કાર્યક્રમ દરમિયાન પાકિસ્તાનથી સ્થળાંતર કરીને આવેલા ત્રણ પરિવારોના મોભીઓએ શ્રી નરેન્દ્ર કુમાર, શ્રાવણ કુમાર અને શ્રીમતી શારદાદેવીએ ભારત સરકાર દ્વારા તેમને અને તેમના પરિવારને ભારતીય નાગરિકતા તથા સન્માન આપવા બદલ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી શ્રી અમિત શાહ અને રાજ્યના મંત્રીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો અને આ ક્ષણને પોતાના માટે ગૌરવપૂર્ણ તથા દિવાળી સમાન આનંદદાયક ગણાવી હતી. ગુજરાતના ડાયરેક્ટર ઓફ સેન્સસ ઓપરેશન્સ એન્ડ ડિરેક્ટર ઓફ સિટિઝન રજિસ્ટ્રેશન સુજલ મયાત્રાએ નાગરિકતા સંશોધન અધિનિયમ (CAA) ૨૦૧૯ હેઠળ પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશથી આવેલા લઘુમતી સમુદાયોને ભારતીય નાગરિકતા આપવામાં આવી રહી છે, જે અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ૧૫૦૦થી વધુ લોકોને નાગરિકતા પ્રદાન કરવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે આ માત્ર એક દસ્તાવેજ નથી પરંતુ દેશના વિકાસમાં સહભાગી થવાનું એક મહત્વપૂર્ણ પગલું છે. તેમણે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહનો આભાર વ્યક્ત કરતાં ઉમેર્યું હતું કે, આ પ્રેરણાદાયી પહેલથી વિવિધતામાં એકતા સાથે 'વિકસિત ભારત'ના સ્વપ્નને સાકાર કરવા સૌ સાથે મળીને આગળ વધશે. અત્રે ઉલ્લેખનીય છે કે ભારત સરકાર દ્વારા ૨૦૧૬ અને ૨૦૧૮ના ગેઝેટથી અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને પાકિસ્તાનના લઘુમતી સમુદાયોના લોકોને 'સિટીઝનશિપ એક્ટ-૧૯૫૫'ની કલમ-૫ અને ૬ અન્વયે નાગરિકતા આપવા અંગેની સત્તાઓ જિલ્લા કલેક્ટરશ્રીઓને એનાયત કરાઈ છે, જેમાં વર્ષ ૨૦૧૭થી ૨૦૨૫ સુધીમાં ૧૨૦૦થી વધુ અરજદારોને ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર આપીને અમદાવાદ જિલ્લો સમગ્ર દેશમાં મોખરે રહ્યો છે. ઓડિટોરીયમ સાલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી એન્ડ એન્જીનીયરીંગ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં ધારાસભ્ય સર્વશ્રી અમિત ઠાકર, કૌશિકભાઈ જૈન, બાબુભાઈ પટેલ, જીતેન્દ્રભાઈ પટેલ, જિલ્લા કલેક્ટર ભવ્ય વર્મા, વિસ્થાપિત હિંદુ સહાયતા મંચ ના પ્રતિનિધિઓ, સિંધ માઈનોરીટી એસોસિએશનના પ્રતિનિધિઓ સહિત જિલ્લાના ઉચ્ચ અધિકારી, નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા

